# તમારી સારવાર વિશેનાં નિર્ણયો કોણ લે છે?

ઓન્ટેરિયોનાં લાંબા-ગાળાનાં સંભાળ ગૃહોનાં નિવાસીઓ માટે માહિતી

P o E T

Prevention of Error-based Transfers

www.poetproject.ca

આ પુસ્તિકા PoET સાઉથવેસ્ટ સ્પ્રેડ પ્રોજેક્ટની અમલીકરણ ટીમ દ્વારા બનાવવામાં આવી છે.
PoET પ્રોજેક્ટ વિશે વધુ માહિતી માટે, કૃપા કરીને www.poetproject.ca ની મુલાકાત લો.

આ દસ્તાવેજનું ઉત્પાદન હેલ્થ કેનેડા તરફથી નાણાકીય યોગદાન મારફત શક્ય બન્યું છે.

અહીં અભિવ્યક્ત કરવામાં આવેલા દ્રષ્ટિકોણો હેલ્થ કેનેડાનાં દ્રષ્ટિકોણોનું પ્રતિનિધિત્વ કરે છે તેવું જરૂરી નથી.

# સારવારનાં નિર્ણયો વિશેનાં નિયમો ક્યાંથી આવે છે?

“હેલ્થ કેર કન્સેન્ટ એક્ટ” તરીકે ઓળખાતો ઓન્ટેરિયોનો કાયદા સારવારનાં નિર્ણયો વિશોની સંમતિ, ક્ષમતા, અને બદલામાં નિર્ણય લેવા સંબંધિત નિયમો સ્થાપિત કરે છે.

હેલ્થ કેર કન્સેન્ટ એક્ટમાં સ્થાપિત કરેલા નિયમો લોંગ-ટર્મ કેર હોમ્સમાં, અને સમગ્ર ઓન્ટેરિયોમાં લાગું પડે છે.



# સારવારનો નિર્ણય લેવામાં "અસક્ષમ" હોવાનો અર્થ શું થાય છે?

વ્યક્તિ સારવારનો નિર્ણય લેવામાં અસક્ષણ છે જો તે અથવા તેણી નિર્ણય સંબંધિત માહિતી સમજવાની ક્ષમતા ન હોય, **અને** સારવાર મેળવવાની (અથવા નહીં મેળવવાની) અસરોનું મૂલ્યાંકન કરવાની ક્ષમતા ન હોય એમ **બન્ને** ધરાવતી ન હોય.

સક્ષમ હોવાનું ગણવામાં આવે તે માટે કોઇ વ્યક્તિમાં આ **બન્ને** ક્ષમતાઓ હોવી અનિવાર્ય છે.



# કોણ નક્કી કરે છે કે હું સારવારનો નિર્ણય લેવા માટે સક્ષમ છું કે નથી?

સારવારનો પ્રસ્તાવ આપી રહેલી વ્યક્તિ દર્દીની ક્ષમતાનું મૂલ્યાંકન કરવા માટે જવાબદાર છે.

મોટાભાગનાં કિસ્સાઓમાં, તમારા ચિકિત્સક તમારા માટે સારવારનો પ્રસ્તાવ કરશે. કેટલાક કિસ્સાઓમાં ચિકિત્સક મૂલ્યાંકન કરવા માટે અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતા પર આધાર રાખી શકે છે, જેમ  કે નર્સ.



# મને કહેવામાં આવ્યું છે કે હું સારવારનો નિર્ણય લેવા માટે અસક્ષમ છું. તો હું શું કરી શકું છું?

તમે ઓન્ટેરિયોનાં કન્સેન્ટ એન્ડ કેપેસિટી બૉર્ડનાં "ફૉર્મ A" તરીકે ઓળખાતા ફૉર્મને ભરીને આ તારણ સામે અપીલ કરી શકો છો.

કન્સેન્ટ એન્ડ કેપેસિટી બૉર્ડની સંપર્ક માહિતી આ પુસ્તિકાની સમાપ્તિ પર સામેલ કરેલી છે.

આ ફૉર્મ પૂર્ણ કરવામાં મદદ માટે તમારા ચિકિત્સક અથવા સ્ટાફને તમારા ઘર પર પૂછી શકો છો.



## શું હું લોંગ-ટર્મ કેર હોમમાં રહું છું તો પણ મારી પોતાની સારવારનાં નિર્ણયો હું હજું પણ લઇ શકું છું?

તમે તેમ કરવા માટે સક્ષમ હોવાનું ગણવામાં આવે તો તમે તમારી પોતાની સારવારનાં નિર્ણયો લેવા સક્ષમ છો.

તમે ક્યાં રહો છો તેનાંથી તમે સારવારનાં ક્યા નિર્ણયો લઇ શકો છો તેનું નિર્ધારણ થતું નથી.



# લોંગ-ટર્મ કેરમાં દાખલ થવાનો નિર્ણય લેવા મને અસક્ષમ હોવાનું જાણવા મળ્યું હતું; તો શું તેનો અર્થ એવો થાય છે કે હું સારવારનાં નિર્ણયો લેવા અસક્ષમ છું?

ના.

ક્ષમતા એ **નિર્ણય-વિશિષ્ટ** છે. આનો અર્થ એવો થાય છે કે જો તમે એક નિર્ણય લેવા અસક્ષમ હોવ તો તમે હજું પણ અલગ નિર્ણય લેવા સક્ષમ હોઇ શકો છો.

ક્ષમતા એ **સમય-વિશિષ્ટ** પણ છે. આનો અર્થ એવો થાય છે કે તમે એક સમય પર કોઇ ચોક્કસ નિર્ણય લેવા સ, અને બીજા સમયે બીજો નિર્ણય લેવા સક્ષમ હોઇ શકો છો.

તમે બધો સમય બધા જ સારવારનાં નિર્ણયો લેવા સક્ષમ ન હોવ તો પણ, જ્યારે પણ તમે જે કોઇપણ નિર્ણયો લેવા માટે સક્ષમ હોવ ત્યારે તમે તે નિર્ણયો લેવાનો હક ધરાવો છો.

**મેં વ્યક્તિગત સંભાળ દસ્તાવેજ માટે પાવર ઑફ એટર્ની બનાવ્યું છે. શું**

# તેનો અર્થ એવો થાય છે કે હું હવે પછી મારા પોતાનાં સારવારનાં નિર્ણયો ન લઇ શકું?

ના.

જ્યારે તમે વ્યક્તિગત સંભાળ માટે પાવર ઑફ એટર્ની પર હસ્તાક્ષર કર્યા તમે પસંદ કર્યું હતું કે જો તમે અસક્ષમ બનો તો તમારા માટે સારવારનાં નિર્ણયો કોણ લેશે.

વ્યક્તિગત સંભાળ માટે પાવર ઑફ એટર્ની પર હસ્તાક્ષર કરવાનો અર્થ એવો નથી કે તે તમને અસક્ષમ બનાવે છે, તે તમે જે વ્યક્તિનું નામ આપો છો તેને તમારા માટે સારવારનાં નિર્ણયો લેવાનો આપમેળે અધિકાર આપતું નથી.

# જ્યારે હું અસક્ષમ હોઉં ત્યારે મારા સારવારનાં નિર્ણયો કોણ લેશે?

હેલ્થ કેર કન્સેન્ટ એક્ટ એવા લોકોની યાદીનો સમાવેશ કરે છે જેનાં તરફ તમારા આરોગ્ય સંભાળ પ્રદાતાઓ જશે:

1. વાલી
2. વ્યક્તિગત સંભાળ માટે પાવર ઑફ એટર્ની
3. પ્રતિનિધી
4. જીવનસાથી અથવા પાર્ટનર
5. બાળક અથવા માતાપિતા
6. માત્ર સુલભતાનો અધિકાર ધરાવતા માતાપિતા
7. કોઇ અન્ય સંબંધી
8. પબ્લિક ગાર્ડિયન અને ટ્રસ્ટી

યાદી પરની પ્રથમ વ્યક્તિ અથવા લોકો તમારા “બદલામાં નિર્ણય લેનાર(રા)” હશે, જ્યાં સુધી તેઓ સક્ષમ હોય, મરજી ધરાવતા હોય, અને નિર્ણય લેવા માટે ઉપલબ્ધ હોય.

## જો હું અસક્ષમ બનું તો હું ઇચ્છું છું કે અમુક ચોક્કસ વ્યક્તિ મારા માટે સારવારનાં નિર્ણયો લે. તો હું શું કરી શકું છું?

તમે વ્યક્તિગત સંભાળ દસ્તાવેજ માટે પાવર ઑફ એટર્ની પૂર્ણ કરીને અમુક ચોક્કસ વ્યક્તિ અથવા અમુક ચોક્કસ લોકોનું નામ આપી શકો છો.



## જો મને એવી સારવાર મળી રહી હોય જેની મારી ઇચ્છા ન હોય તો હું શું કરી શકું છું?

તમારી નર્સ અથવા ચિકિત્સક સાથે વાત કરો.

તે શક્ય છે કે જ્યારે તમે અસક્ષમ હતા ત્યારે કોઇ અન્ય વ્યક્તિએ (તમારા "બદલામાં નિર્ણય લેનાર") સારવાર માટે સંમતિ આપી હતી. જો હવે તમે સક્ષમ હોવ, તો તમે પસંદગી કરવાનો હક ધરાવો છો કે તમે સારવાર ચાલું રાખવા માંગો છો કે તેને નકારવા માંગો છો.

તે શક્ય છે કે સારવાર વિશેની વધુ માહિતીમાંથી તમને ફાયદો થાય. તમારી નર્સ અથવા ચિકિત્સક તમને આ માહિતી પ્રદાન કરી શકે છે.

## મને ખબર છે કે ભવિષ્યમાં મને કોઇ સારવારોની જરૂર પડશે (અથવા નહીં પડે). તો હું શું કરી શકું છું?

તમે તેની ખાતરી કરવા માટે તમારા બદલામાં નિર્ણય લેનાર(રા) સાથે વાત કરી શકો છો કે તેઓ તમારી ઇચ્છાઓ જાણે છે અને સમજે છે. જો પરિસ્થિતિ ઉદ્ભવે અને તમે તેને લાગું કરવા માંગતા હોવ, તો તમારા બદલામાં નિર્ણય લેનાર(રા)એ એવો નિર્ણય લેવો અનિવાર્ય છે જે તે ઇચ્છા સાથે સુરેખ હોય (તેમ કરવાનું શક્ય હોય ત્યાં સુધી).

તમારા બદલામાં નિર્ણય લેનાર(રાઓ) સાથે વાત કરવા ઉપરાંત તમે લેખિતમાં તમારા મૂલ્યો અને માન્યતાઓ રાખી શકો છો.



# મને ખબર નથી કે ભવિષ્યમાં હું શું ઇચ્છું છું અથવા નથી ઇચ્છતો. તો હું શું કરી શકું છું?

તમારા મૂલ્યો અને માન્યતાઓ વિશે તમારા બદલામાં નિર્ણય લેનાર(રાઓ) સાથે વાત કરો. જો તમારા બદલામાં નિર્ણય લેનાર(રાઓ)ને તમારા માટે નિર્ણય લેવા માટે પૂછવામાં આવે છે અને તેઓને પરિસ્થિતિ પર લાગું પડતી હોય તેવી ઇચ્છાની ખબર ન હોય, તો તેઓએ એવો નિર્ણય લેવો અનિવાર્ય છે જે તમારા "શ્રેષ્ઠ હિતોમાં" હોય. તમારા શ્રેષ્ઠ હિતોમાં શું છે તેનું નિર્ધારણ કરવા માટે, તમારા બદલામાં નિર્ણય લેનારાઓએ  તમારા મૂલ્યો અને માન્યતાઓને (અન્ય વસ્તુઓ) સાથે લક્ષ્યમાં લેવા અનિવાર્ય છે.

તમારા બદલામાં નિર્ણય લેનાર(રાઓ) સાથે વાત કરવા ઉપરાંત તમે લેખિતમાં તમારા મૂલ્યો અને માન્યતાઓ રાખી શકો છો, અને/અથવા પૂછી શકો છો કે તેઓને તમારા આરોગ્યનાં રેકોર્ડમાં દસ્તાવેજીત કરવામાં આવે.

# મગજમાં રાખવાની વસ્તુઓ:

- વ્યક્તિ સારવારનો નિર્ણય લેવા સક્ષમ છે જો તે અથવા તેણી આ **બન્ને** ધરાવે છે (1) નિર્ણય સંબંધિત માહિતી સમજવાની ક્ષમતા, **અને** (2) નિર્ણયની કઇ અસરો હશે તેનું મૂલ્યાંકન કતરવાની ક્ષમતા.

- જો તમને ખાતરી ન હોય, તો તમે તમારા ચિકિત્સકને પૂછી શકો છો કે કઇ સારવાર અથવા સારવાર પ્લાનનો તે અથવા તેણી પ્રસ્તાવ આપી રહ્યા છે.

- બદલામાં નિર્ણય લેનારે માત્ર તો જ તમારા માટે સારવાનરોન નિર્ણય લેવો જોઇએ જો તમે તે ચોક્કસ નિર્ણય લેવા માટે અક્ષમ હોવાનું જણાયું હોય.

- તમે કન્સેન્ટ એન્ડ કેપેસિટી બૉર્ડ મારફત અક્ષમતાનાં તારણ સામે અપીલ કરી શકો છો.

- એક નિર્ણય લેવા માટે અસક્ષમ હોવાનો અર્થ એવો નથી કે તમે અન્ય કોઇપણ નિર્ણય, અથવા તમામ નિર્ણયો લેવા અસક્ષમ છો.

- એક વખત અસક્ષમ હોવાનો અર્થ એવો નથી કે તમે બધી વખતે અસક્ષમ છો.

- લોંગ-ટર્મ કેર હોમમાં રહેવાનો અર્થ એવો નથી કે તમે તમારા પોતાનાં સારવાર-સંબંધિત નિર્ણયો લેવા અસક્ષમ છો.

- જો તમે સારવાર સંબંધિત નિર્ણય લેવા સક્ષમ ન હોવ, તો તે નિર્ણય તમારા બદલે નિર્ણય લેનારને રજૂ કરવામાં આવશે.

- વ્યક્તિગત સંભાળ માટેનું પાવર ઑફ એટર્ની બનાવીને તચે તમારા પોતાનાં તમારા બદલે નિર્ણય લેનાર પસંદ કરી શકો છો.

- જો તમને ખબર હોય કે કઇ સારવાર(રો) ભવિષ્યમાં તમને લેવા માંગો છો અથવા લેવા માંગતા નથી, તો તમારા બદલે નિર્ણય લેનાર(રાઓ) ને કહો.

- તમારા બદલે નિર્ણય લેનાર(રાઓ) સાથે તમારા મૂલ્યો અને માન્યતાઓની વહેંચણી કરો. તમારા બદલે નિર્ણય લેનારાઓને તમારા મૂલ્યો અને માન્યતાઓને લક્ષ્યમાં લેવા પડશે જો તેઓએ તમારા "શ્રેષ્ઠ હિતો" પર વિચારણા કરવી અનિવાર્ય હોય.

## વધુ માહિતી માટે:

## PoET પ્રોજેક્ટની વેબસાઇટ

www.poetproject.ca

## કન્સેન્ટ એન્ડ કેપેસિટી બોર્ડ ઑફ ઓન્ટેરિયો

www.ccboard.on.ca
(416) 327-4142

## મિનિસ્ટ્રી ઑફ લોંગ ટર્મ કેર

www.ontario.ca/page/ministry-long-term-care
1-800-268-1153

## એડવોકેસી સેન્ટર ફોર ધ એલ્ડરલી

advocacycentreelderly.org
1-855-598-2656

## સ્પીક અપ ઓન્ટેરિયો

www.speakupontario.ca

